શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

વર્ષ ૨૦૨૪-૨૫ના અનુદાનો માટેની માંગણીઓ પરની
ચર્ચા વખતે વિધાનસભા ગૃહમાં
માનનીય ધારાસભ્યશ્રી બાબુસિંહ જાદવ એ
આપવાનું વક્તવ્ય

તારીખ - ૧૩/૦૨/૨૦૨૪

## શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના વર્ષ ૨૦૨૪-૨૫ના અનુદાનો માટેની માંગણીઓ પરની ચર્ચા

ચર્ચાનો દિવસ : તા.૧૩/૦૨/૨૦૨૪

માનનીય ધારાસભ્યશ્રી

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની યોજનાઓ ઉપર મારા વિચારો આ સભાગૃહ સમક્ષ રજૂ કરવા માંગુ છું.

### ૧. રેલવે ઓવરબ્રીજ/અન્ડરબ્રીજ (ROB/RUB)

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ શહેરી વિસ્તારોમાં વ્યસ્ત રેલ્વે ફાટક બંધ થવાથી વધતા જતા ટ્રાફિક સમસ્યાને હલ કરવા રાજ્ય સરકાર દ્વારા રેલ્વે ઓવરબ્રીજ/રેલ્વે અંડરબ્રીજ ના આજદીન સુધી કુલ અંદાજીત રકમ રૂ.૨૩૧૯.૩૮ કરોડના કુલ ૯૮ કામો રેલ્વે સાથે ૫૦% કોસ્ટ શેરીંગ તથા ખાસ કિસ્સામા ૧૦૦% રાજ્ય સહાય અંતર્ગત મંજુર કરવામાં આવેલ છે. જે અન્વયે,

**માર્ગ અને મકાન વિભાગ/સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ દ્વારા અમલીકૃત યોજનાની અદ્યતન માહિતી નીચે મુજબ છે:-**

- ૧૨ - કામ પુર્ણ (મંજૂરીની રકમ રૂ.૧૫૫.૮૧ કરોડ) – ઉંઝા, વિરમગામ, કડી, બોટાદ, પાટણ, જામનગર (૦૩ કામ), સિધ્ધપુર, સુરેન્દ્રનગર, હિમતનગર અને ગોંડલ.
- ૧૩ - કામ પ્રગતિમાં (મંજૂરીની રકમ રૂ.૪૫૩.૯૯ કરોડ), અમદાવાદ (૦૮ કામ), જામનગર (૦૨ કામ), વડોદરા, સુરત, અને ગાંધીનગર.
- ૦૫ - કામ ટેન્ડર સ્ટેજમા (અંદાજીત રકમ રૂ.૧૧૧.૯૫ કરોડ) – ખંભાત, વીજલપોર, ગોધરા, ગાંધીધામ અને જામનગર.
- ૧૪ - કામ ડીપીઆર/જીએડી/તાંત્રીક મંજુરી હેઠળ (અંદાજીત રકમ રૂ.૩૦૪.૨૪ કરોડ) જેતપુર (૦૨ કામ), ભાવનગર, જુનાગઢ (૦૩ કામ), અમદાવાદ – (૦૬ કામ), મોરબી અને જામનગર
- ૧૧ - કામ અમલીકરણ સંસ્થા દ્વારા રદ કરવામા આવેલ છે. (અંદાજીત રકમ રૂ.૧૩૫.૨૬ કરોડ) - બાવળા (૦૨ કામ), અંકલેશ્વર, પાલનપુર, સિદ્ધપુર, હિમતનગર, તલોદ, પોરબંદર, વિજલપોર અને અમદાવાદ (૦૨ કામ)

**જીયુડીસી દ્વારા અમલીકૃત યોજનાની અધ્યતન માહિતી નીચે મુજબ છે:-**

- ૧૪ - કામના વર્ક ઓર્ડર અપાયેલ છે. (મંજૂરીની રકમ રૂ.૪૦૫.૦૧ કરોડ) – પાલિતાણા, પેટલાદ, પાટણ, હિંમતનગર, તલોદ, ઓખા, ગાંધીધામ - (૦૨ કામ), વેરાવળ-પાટણ (૦૨ કામ), કેશોદ, ઉમરેઠ, વાપી અને બારડોલી
- ૦૧ કામ – ટેન્ડર મંજુરી હેઠળ છે (અંદાજીત રકમ રૂ.૧૬.૭૦ કરોડ) – ગોંડલ

- ૧૩ કામોને વહીવટી અને તાંત્રિક મંજૂરી મળેલ છે. (મંજૂરીની રકમ રૂ.૪૧૬.૮૬ કરોડ) – આણંદ, વિસનગર, દામનગર, સાવરકુંડલા, આંકલાવ, શિહોર, ધોરાજી, ખંભાળીયા, સિક્કા, નડિયાદ, બોપલ-ઘુમા, હિંમતનગર અને કરમસદ
- ૦૮ કામ – ડી. પી. આર બનાવવાની પ્રક્રિયા હેઠળ (અંદાજીત રકમ રૂ.૩૦૮.૬૧ કરોડ) – વડનગર, અંજાર, વલ્લભ વિધાનગર, હળવદ, મોરબી, લાઠી, ઊના અને ધ્રાંગધ્રા
- ૦૫ કામ – જરૂરીયાત વિચારણા હેઠળ (અંદાજીત રકમ રૂ.૮૩.૭૭ કરોડ) – વ્યારા, ડીસા, પેટલાદ -(૦૨ કામો) અને વિસનગર
- ૦૨ કામ – અમલીકરણ માર્ગ અને મકાન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવશે. (અંદાજીત રકમ રૂ.૧૦૯.૭૭ કરોડ) - વાપી અને આણંદ

## ૨. ઇ-નગર

- રાજયની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ દ્વારા સામાન્ય પ્રજાજનોને આપવામાં આવતી નાગરિક સેવાઓને આધુનિક ટેકનોલોજીના ઉપયોગ વડે સરળતાથી મળી રહે તે આશયથી ગુજરાત સરકાર દ્વારા ઈ-નગર યોજના શરૂ કરેલ છે. ઈ-નગર યોજના અંતર્ગત સેન્ટ્રલાઇઝ વેબપોર્ટલના ઉપયોગ સારૂ enagar.gujarat.gov.in વેબસાઇટ કાર્યરત કરવામાં આવેલ છે.
- ઉપરોક્ત બાબતે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા ગુજરાત શહેરી વિકાસ મિશનને ઈ-નગર પ્રોજેક્ટ માટે રાજ્ય કક્ષાની નોડલ એજન્સી તરીકે નિમણુક કરેલ છે. ૧૫૭ નગરપાલિકાઓ અને ૮ મહાનગરપાલિકાઓ ઈ-નગર પ્રોજેક્ટ સાથે જોડાયેલ છે.
- ઈ-નગર વેબ પ્રોજેક્ટ અંતર્ગત નીચે મુજબની ૧૦ મોડ્યુલ અને ૪૪ સેવાઓનો સમાવેશ કરવામાં આવેલ છે.

1. મિલકત વેરો
2. વોટર એન્ડ ડ્રેનેજ/હોલ બુકિંગ
3. મકાન પરવાનગી
4. જન્મ, મૃત્યુ અને લગ્નની નોંધણી
5. લાયસન્સ મોડ્યુલ
6. પ્રોફેશનલ ટેક્સ
7. કલ્યાણ યોજના
8. ફરિયાદ મોડ્યુલ/ફરિયાદ નિવારણ
9. ફાયર એન્ડ ઇમરજન્સી સેવાઓ
10. જમીન અને એસ્ટેટ